| E-Mail |
| --- |
| તાત્કાલિક/અગત્યનું |

ક્રમાંક:– ઉમશ/ઉમા–૩/વ.વ./૨૦૨૩/૩૫૯૮–૩૩૦૨
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુ.રા.,
તા. ૦૩/૦૭/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.

વિષય:– બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં જૂન ૨૦૨૩થી ધો–૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો–૧૨ ક્રમિક વર્ગ તથા ધો–૧૧/૧૨ વર્ગ વધારા ની ઓનલાઇન અરજી કરવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં જૂન ૨૦૨૩થી ધો–૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો–૧૨ ક્રમિક વર્ગ તથા ધો–૧૧/૧૨ વર્ગ વધારા ની ઓનલાઇન અરજી કરવા અંગેની જાહેરાત તા.૨૩/૦૬/૨૦૨૩ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.સંસ્થાઓ દ્વારા ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૦૩/૦૭/૨૦૨૩ રાખવામાં આવેલ હતી તેના બદલે સંસ્થાઓ તા.૧૦/૦૭/૨૦૨૩ના રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી ઓનલાઇન અરજી કરી શકશે જે આપની તાબાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન. નિયામકશ્રીના આદેશ અનુસાર.

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :–
- ચિફ પ્રોજેક્ટ ઓફીસર, ગુજરાત ઈન્ફો પેટ્રો લી., બીજો માળ, બ્લોક નં. ૧૫, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

ક્ર.નં/મા-૩/વર્ગવધારા/2023/ ૧૦૨૫૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બ્લોક, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ, સુરત
તા. ૬/7/2023

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ ઉ.મા. શાળાઓ,

૨/- ઉક્ત પત્ર અન્વયે જરૂરી કાર્યવાહી કરવા સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત.